# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-09-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-રાષ્ટ્રજોગ સંબોધન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આગામી પેઢીના GST ફેરફાર આજે નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવશે. રાષ્ટ્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આજથી શરૂ થઇ રહેલા વસ્તુ અને સેવા કર- GST બચત ઉત્સવ બાદ લોકો ઓછી કિંમતે પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદી શકશે. આ ફેરફાર સાથે રાષ્ટ્રની વિકાસગાથા બદલાઈ જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

શ્રી મોદીએ કહ્યું, યુવાન, મધ્યમ વર્ગ, ખેડૂતો, મહિલાઓ અને ઉદ્યમીઓને બચત ઉત્સવથી લાભ થશે. દરેક રાજ્ય રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક સમાન ભાગીદાર થશે. પ્રધાનમંત્રીએ GST ફેરફાર, બચત ઉત્સવ અને નવરાત્રિ અંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પણ પાઠવી.

પ્રધાનમંત્રીએ કહ્યું, તેમની સરકાર નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે આગળ વધી રહી છે. તેમણે કહ્યું, ભારતમાં ઉત્પાદન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમીઓને સારી ગુણવત્તાની વસ્તુઓનું ઉત્પાદન કરવા આગ્રહ કર્યો.

-----------------------------------------------------------------------------------------------

## નવરાત્રીનો આજથી પ્રારંભ:

આદ્યશક્તિની આરાધનાના નવલા નવરાત્રી પર્વનો આજથી આરંભ થઈ રહ્યો છે. આસો માસમાં આવતી શારદીય નવરાત્રીમાં આ વરસે એક નોરતું વધુ હોવાથી નવ દિવસની નવરાત્રી દસ દિવસ ઉજવાશે. આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે ગઈ રાત્રે ઘટ સ્થાપન વિધિ સાથે નવરાત્રિની ઉજવણીનો આરંભ થયો હતો. જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે ઘટ સ્થાપન થયું હતું. ભુજના આશાપુરા મંદિરે પણ ગઈ રાત્રે ઘટ સ્થાપન વિધી થઈ હતી. જિલ્લામાં બાકી બધા સ્થળે મંદિરોમાં લગભગ આજ સમયે પૂજન

વિધિ સાથે ઘટ સ્થાપન થઈ રહ્યું છે. નવ દિવસ માતાજીના વિવિધ સ્વરૂપોની પૂજન વિધિ આરતી શક્રાદય સ્તુતિ થી વાતાવરણ ભક્તિમય બનશે. નવરાત્રીમાં આજે રાત થી ગામેગામ ચોરે ચોટ રાસ ગરબાની રંગત જામશે. ભુજ ગાંધીધામ અને અન્ય શહેરોમાં મોટા આયોજન સાથે નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવશે. નવરાત્રી હવે મોડી રાત સુધી રમવા દેવા સરકારે છૂટ આપતાં ગરબા રસિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. ગઈકાલે મોડે સુધી નવરાત્રીને લગતી ખરીદી માટે ધસારો જોવા મળ્યો હતો.

---

## નવરાત્રી અંગે ગૃહ રાજ્યમંત્રી:

રાજ્યમાં આ વખતે લોકો મોડી રાત સુધી ગરબા રમી શકશે. સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવા રાજ્ય પોલીસના તમામ જિલ્લા વડા અને શહેરના વડાઓને સૂચના અપાઈ છે. શ્રી સંઘવીએ ગરબા આયોજકોને તમામ વ્યવસ્થા કરવા જણાવ્યું તેમજ કોઈની પણ ભક્તિને ખલેલ પહોંચે તેવા પ્રકારના ગીત ન વગાડવા ટકોર કરી.

---

## એશિયા કપ-ભારતની સફળતા :

એશિયા કપની મેચમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે પરાસ્ત કરી પાકિસ્તાન સામે બીજી સફળતા મેળવી છે. દુબઇ ખાતેની મેચમાં પાકિસ્તાને 5 વિકેટે 171 રન કર્યા હતા. ભારતે ચાર વિકેટ ગુમાવી 174 રન કરી મેચ જીતી લીધી હતી. તિલક વર્મા 30 અને હાર્દિક પંડ્યા 7 રને નોટ આઉટ રહ્યા હતા. અભિષેક શર્માએ 74 અને શુભમન ગિલે 47 રન કર્યા હતા.

---

## અમિત શાહ-ગાંધીનગર મુલાકાત:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે રાજ્યની મુલાકાતે છે, ત્યારે ગાંધીનગર ખાતે IFFCO દ્વારા "એક વૃક્ષ માતા માટે" અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરશે ત્યારબાદ સ્ટાર્ટઅપ કોન્ક્લેવ 2025 નું ઉદ્ઘાટન મહાત્મા મંદિર ખાતે કરશે તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ કાર્યો પર સમીક્ષા બેઠક કરશે ઉપરાંત વિવિધ વિકાસ કાર્યોના ઉદ્ઘઘાટન તેમજ કાર્યક્રમોમાં સહભાગી થશે.ત્યારબાદ માણસા ખાતે નવરાત્રી ઉત્સવમાં સહભાગી થશે.

---

## સેવા પખવાડીયાની ઉજવણી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી બે ઓક્ટોબર સુધીના 15 દિવસને સેવા પખવાડિયાં તરીકે ઊજવણી કરવામાં આવી રહી છે,ત્યારે જિલ્લા ભાજપ દ્વારા અંજાર ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરાયું હતું, જેમાં વક્તા તરીકે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી દિલીપ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત પ્રબુદ્ધજનોને શ્રી મોદી વિકસિત ભારતનાં સપનાંમાં સહભાગી થવા જણાવ્યું હતું.

રેડક્રોસ સોસાયટી, ભુજ મધ્યે `મેગા રક્તદાન શિબિર' તથા `નિ:શુલ્ક આરોગ્ય શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું ઉપરાંત ભૂતનાથ મહાદેવ, ખારીનદી પાસે વિકસી રહેલ વનને `નમોવન'નું નામકરણ કરવામાં આવેલું તેમજ ત્યાં `એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---

## સ્વચ્છોત્સવની ઉજવણી:

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ચાલતા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા જિલ્લાના ગામડાંઓમાં સ્વચ્છતાનો સંદેશ આપવા તેમજ સ્વચ્છતા હી સેવા-2025 હેઠળ

સ્વચ્છોત્સવના સૂત્રને સાર્થક કરવા ગ્રામ્યસ્તરે સ્વચ્છતા સેલ્ફીનાં માધ્યમથી લોકોમાં જનજાગૃતિ લાવવા પ્રયાસ કરાઇ રહ્યો છે. સફાઇ કામદારો સાથે સેલ્ફી દ્વારા લોકોને સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવી રહ્યો છે. ભારત સરકાર દ્વારા બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જનઆંદોલનની ઉજવણીનું આહ્વાન કરવામાં આવ્યું છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના 11 વર્ષની ઉજવણીના ભાગરૂપે `સ્વચ્છતા હી સેવા 2025'ની સ્વચ્છોત્સવ તરીકે ઉજવણી કરાઇ રહી છે.

---------------------------------------------------------------------------------------------------